**International Journal of Advance and Applied Research**
**www.ijaar.co.in**
**ISSN – 2347-7075** **Impact Factor – 7.328**
**Peer Reviewed** **Bi-Monthly**
**Vol.11 No.2** **Nov-Dec 2023**

# પીઠોરા આદિવાસી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો

ડો. મનહરભાઈ ચરપોટ
**Corresponding Author –** ડો. મનહરભાઈ ચરપોટ
**DOI- 10.5281/zenodo.10282934**

**સારાંશ:**

પીઠોરા એ ગુજરાત રાજ્યના છોટાઉદેપુર જિલ્લામાં અને મધ્ય મધ્ય પ્રદેશમાં રહેતી રાઠવા અને ભીલા જાતિઓ દ્વારા દિવાલો (ભીંતો) પર કરવામાં આવતું એક ધાર્મિક ચિત્રણ છે. પીઠોરા ચિત્રો તેમના ઘરની ત્રણ આંતરિક દિવાલો પર દોરવામાં આવે છે. છોટા ઉદેપુર જીલ્લો આદીવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે. અહીયાં 80 % કરતાં વધુ આદીવાસીઓ વસે છે. તેમાય મોટેભાગે રાઠવા સમુદાય વસે છે. આ આદીવાસીઓ પ્રકૃતિપૂજક છે અને તેઓ આદીઅનાદી દેવો અને પૂર્વજોને જ પૂજે છે. આદીવાસી સમાજ સૂર્ય દેવ, ચંદ્ર દેવ, જળ દેવતા, ધરતી માતા, જમીન માતા, અગ્ની દેવતા, અન્ન દેવતા, પવન દેવ, વૃક્ષ દેવતા જે સાક્ષાત છે અને જેનાથી જીવ સૃષ્ટી શક્ય બની છે જેના વગર જીવન શક્ય નથી તેવા કુદરતી અને પ્રકૃતી નિર્મિત - નૈસર્ગીક છે તેવા તત્વોની પૂજા કરે છે. મૂર્તીપૂજામાં માનતા નથી પરંતુ પૂર્વજોના નામની સાગનાં કે સાદડના લાકડામાથી ખાંભ (ખૂટડા) બનાવીને તેની પૂજા કરવામાં આવે છે.

**મુખ્ય શબ્દ:** આદિવાસી, સંસ્કૃતિ, પીઠોરા ચિત્રો, ધાર્મિક માન્યતા, પ્રકૃતિ.

**પ્રસ્તાવના:**

છોટાઉદેપુર જીલ્લો આદીવાસી બાહુલ્ય ધરાવતો જીલ્લો છે. તેની ભૌગોલીક રચના ખૂબ સુંદર છે અને પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર જોવા મળે છે. જીલ્લામાં 80% કરતા વધુ આદીવાસીઓ વસે છે. જેઓ પ્રકૃતીપૂજક છે. છોટા ઉદેપુર જીલ્લામાં વસતા આદીવાસીઓ અને તેમાય મોટેભાગે રાઠવા સમુદાયના સૌથી મોટા ઇષ્ટદેવ પીઠોરા દેવ છે. આ પીઠોરા દેવની પૂજા અહીના આદીવાસીઓ કરે છે. અહીના આદીવાસીઓ આ પીઠોરાને ભીતચીત્ર નહી પણ પ્રાચીન સમયની એક લીપી માને છે. ચિત્રોના સ્વરૂપમાં આ પીઠોરો વાંચવામાં આવે છે.

જો કે આ પ્રાચીન લીપીને ગણ્યા ગાંઠયા લોકો જ વાંચી શક્યા છે. આદીવાસીઓ પ્રકૃતી પૂજક હોવાથી આ પીઠોરામાં પ્રકૃતીને આવરી લેવામાં આવી છે. આ પીઠોરામાં આદીવાસીઓનું જીવન કથન વણાયેલું જોવા મળે છે. બાબા પીઠોરા દેવના ચિત્રોમાં પીઠોરા દેવના આખા પરીવારના ઘોડાને પહેલા દોરવામાં આવે છે. પછી આદીવાસી સમાજના જીવન વર્ણનને લખવામાં આવે છે. અને દરેક ચિત્રો એક ફિલોસોફી સાથે જોડાયેલી છે. પીઠોરામાં રાત અને દીવસના પ્રતીક રૂપે સૂર્ય અને ચંદ્રને પણ દર્શાવવામાં આવે છે. આ પીઠોરા ચિત્રમાં ઉપર જીવતા જાગતા સૂર્ય ચંદ્રને દોરવામાં આવે છે. સૂર્યની નીચે દીવસ દરમિયાન થતી પ્રવૃત્તીઓનું વર્ણન જોવા મળે છે. જ્યારે ચંદ્ર તરફ રાત્રી દરમીયાન થતી પ્રવૃત્તીનું વર્ણન જોવા મળે છે. આમ આ પીઠોરા ચિત્રમાં આદીવાસી સમુદાયનું જીવન વર્ણન ચિત્રો વડે દર્શાવવામાં આવે છે.

**આદિવાસી સંસ્કૃતિનો અમૂલ્ય વારસો:**

ગુજરાત રાજ્યના અતિ પછાત ગણાતા કવાંટ તાલુકામાં મોટેભાગે આદીવાસી સમાજ જોવા મળે છે કે જેઓ સંપૂર્ણ પણે પ્રાકૃતીક જીવન જીવે છે. આવા નાખલ ગામના કેટલાક આદીવાસીઓ પોતે ભગત હોવા છતાય પીઠોરા દેવને આહુતી આપે છે. અને પોતાનું આરોગ્ય સારૂં રહે, સુખ શાંતી જળવાઈ

રહે તે માટે પીઠોરા દેવની પૂજા કરે છે. અને પોતાના દેવ જીવતા જાગતા છે અને તેઓ પર સંપૂર્ણ શ્રધ્ધા હોવાનું માની રહ્યા છે. એક સમયે પ્રત્યેક આદીવાસીઓના પીઠોરા દેવ ઘેર ઘેર જોવા મળતા હતા. પરંતુ ધીમે ધીમે ધાર્મિક પરીવર્તન થતાં લોકો જુદા જુદા ધર્મોમાં માનતા થયા ત્યારથી આ પ્રાચીન પરંપરા લુપ્ત થઈ રહી છે. ત્યારે જીલ્લાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ઇંદ, પાનગુ, જુવારીયો ઇંદ, કરોળીયો ઇંદ, પેઢી બદલવાનો ઇંદ, જેવા પ્રાચીન પરંપરા મુજબના ઇંદ ઉજવાઇ છે.

પીઠોરા લિપી ૫ હજાર વર્ષ જૂની છે. જ્યારે ભાષાઓનું અસ્તિત્વ ન હતું. લખાણ શોધાયું ન હતું. તે સમયે વનમાં વસતા આદીવાસીઓ પીઠોરાનો ઉપયોગ કરતાં હતા. હાલમાં પુરાતન કાળની સંસ્કૃતીની જાળવણી કરતાં આદીવાસી સમાજના લોકો પોતાના ઘરની દીવાલ પર પીઠોરા લખાણ લખે છે. આદીવાસીઓના ઇષ્ટદેવ આ પરિભાષા સમજી લે છે. ભીંતચીત્રોનું આલેખન કરનારને 'લખારા' તરીકે ઓળખે છે. બીજા ધર્મો જેવા કે હીંદૂ ધર્મમાં ભગવદ ગીતા, મુસ્લીમ ધર્મમાં કુરાન, ખ્રીસ્તી ધર્મમાં બાઇબલ તેવી જ રીતે આ આદીવાસી રાઠવા સમાજમાં જ્યારે આદી અનાદી કાળથી વસતા રાઠવા સમુદાય અભણ હતા ત્યારથી આ પીઠોરા લિપી લખતા હતા અને તેમાં ચિત્રાત્મક રજૂઆત વર્ણવેલી છે. બાબા પીઠોરા દેવ રાઠવા આદીવાસી સમાજના ઇષ્ટદેવ છે. પરંતુ સમાજના ઘણાખરા લોકો આની પંથમાં વહેચાઈ જવાથી સંસ્કૃતિ ભુલાઈ રહી છે.

**'પીઠોરા' હજારો વર્ષ જૂની લીપી**:

'પીઠોરા' એ હજારો વર્ષ પહેલા લખાયેલી એક લીપી હોવાનું આદીવાસીઓ માને છે. જેમાં પશુ પંખીઓ સહીત સમગ્ર સૃષતીની સુખ સમૃધ્ધી માટે પીઠોરા દેવને પ્રાર્થના કરવામાં આવે છે. આ પ્રાર્થના પીઠોરાદેવ વાંચીને પૂરી કરે છે. તેવી માન્યતા આદીવાસીઓમાં માનવામાં છે.

**આ ચિત્રોને દેવી દેવતાઓ વાંચી લે છે એવી માન્યતા!**

પીઠોરા જ્યારે લખાતા હોય છે ત્યારે આદીવાસીઓ દેવના આગમનને વધાવવા ગાન કરતાં હોય છે સાથે સાથે મોટો ઢોલ વગાડીને નાચગાન કરીને પીઠોરાદેવને શ્રધ્ધાપૂર્વક આવકારે છે. ત્યારબાદ બળવા દ્વારા તેની પૂજા કરવામાં આવે છે. આ ચિત્રો જે દ્વારા લખવામાં આવે છે તે દેવી દેવતાઓ તેને વાંચી લે છે એવી પ્રબળ માન્યતા આ આદિવાસી સમાજ ધરાવે છે. આ ચિત્રમાં કળા અને સંસ્કૃતીનો સમન્વય કરેલો છે.

**કીડીથી લઈને હાથીના ચિત્ર**

આ પીઠોરામાં નાના જીવ એવા કીડીથી લઈને મોટા જીવ એવા હાથીના ચિત્રને પણ દર્શાવવામાં આવે છે. મહત્વની વાત તો એ છે કે નવા જમાના પ્રમાણે જેમ જેમ સુખ સમૃધ્ધી વધતી ગઈ તેના પણ ચિત્રો પીઠોરામાં દોરવામાં આવે છે. આ પીઠોરા લખાણની સુખ શાંતી માટેની ગાન કરીને પ્રાર્થના કરે છે.

**દરેક ચિત્ર પાછળ એક રહસ્ય**:

પીઠોરા ચિત્રમાં દોરવામાં આવતા દરેક ચિત્ર પાછળ એક રહસ્ય છે. આ ચિત્રમાં સમગ્ર સૃષ્ટીનું ચિત્રણ કરવામાં આવે છે. જેને બે ભાગમાં દોરવામાં આવે છે. એક ભાગમાં સૂર્ય દેવને દોરવામાં આવે છે તો બીજી બાજુ ચંદ્ર દેવને દોરવામાં આવે છે. સૂર્ય દેવ તરફ જળ જંગલ જમીનની સાથે દીવસ દરમીયાન કરવામાં આવતી ક્રિયાઓ દર્શાવવામાં આવે છે જ્યારે ચંદ્ર દેવ તરફ રાત્રી દરમીયાન કરવામાં આવતી તમામ ક્રિયાઓને દર્શાવવામાં આવે છે. આ બધા ચિત્રો 'લખારા' દ્વારા લખવામાં આવે છે.

આદિવાસીઓ પ્રકૃતી પૂજક હોવાથી આ પીઠોરામાં પ્રકૃતિને આવરી લેવામાં આવી છે. આ પીઠોરામાં આદીવાસીઓનું જીવન કવન વણાયેલું જોવા મળે છે. બાબા પીઠોરા દેવના ચિત્રોમાં પીઠોરા દેવના આખા પરિવારના ઘોડાને પહેલા દોરવામાં આવે છે. પછી આદિવાસી સમાજના જીવન વર્ણનને લખવામાં આવે છે. અને દરેક ચિત્રો એક ફિલોસોફી સાથે જોડાયેલી

છે. પીઠોરામાં રાત અને દિવસના પ્રતિકરૂપે સૂર્ય અને ચંદ્રને પણ દર્શાવવામાં આવે છે.

**સમાપન:**

એક સમયે પ્રત્યેક આદિવાસીઓના પીઠોરા દેવ ઘેર ઘેર જોવા મળતા હતા. પરંતુ ધીમે ધીમે પરિવર્તન થતાં લોકો જુદા-જુદા ધર્મોમાં માનતા થયા ત્યારથી આ પ્રાચીન પરંપરા લુપ્ત થઈ રહી છે, ત્યારે જિલ્લાના અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં આજે પણ ઇંદ, પાનગુ, જુવારીયો ઇંદ, કરોળીયો ઇંદ, પેઢી બદલવાનો ઇંદ, જેવા પ્રાચીન પર્ણપરા મુજબના ઇંદ ઉજવાઇ રહ્યા છે. પીઠોરા લિપિ ૫ હજાર વર્ષ જૂની છે. જ્યારે ભાષાઓનું અસ્તિત્વ ન હતું, લખાણ શોધાયું ન હતું, તે સમયે વનમાં વસતા આદિવાસીઓ પીઠોરાનો ઉપયોગ કરતાં હતા. હાલમાં પુરાતન કાળની સંસ્કૃતિની જાળવણી કરતાં આદિવાસી સમાજના લોકો પોતાના ઘરની દિવાલ પર પીઠોરા લખાણ લખે છે. આદિવાસીઓના ઇષ્ટદેવ આ પરિભાષા સમજી લે છે. ભીંતચિત્રોનું આલેખન કરનાર અમે લખારા તરીકે ઓળખે છે. બીજા ધર્મો જેવા કે હિન્દુ ધર્મમાં ભગવદ ગીતા, મુસ્લિમ ધર્મમાં કુરાન, ખ્રીસ્તી ધર્મમાં બાઇબલ તેવી જ રીતે અમારા આદિવાસી રાઠવા સમાજમાં જ્યારે આદિ-અનાદી કાળથી વસતા રાઠવા સમુદાય અભણ હતા ત્યારથી આ પીઠોરા લિપિ લખતા હતા અને તેમાં ચિત્રાત્મક રજૂઆત વર્ણવેલી છે. બાબા પીઠોરા દેવ રાઠવા આદિવાસી સમાજના ઇષ્ટદેવ છે, પરંતુ હવે સંસ્કૃતિ ભૂલાઈ ગઈ છે તેનું દુઃખ છે, પણ આજે છોટાઉદેપુર જિલ્લાના અંતરીયાળ ગામોમાં બાબા પીઠોરા દેવને પરંપરાગત લખાવીને તેનું પૂજન કરી સંસ્કૃતિ બચાવી રાખી છે. તેથી સમાજ અને વિસ્તાર બચી રહ્યો છે.

**સંદર્ભ સૂચિ:**

1. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ , ભાગ –૨ ,પરીખ છોટાલાલ
2. ગુજરાતના લોકગીતો ,મધુભાઇ લલ્લુભાઇ પટેલ
3. પંચમહાલનાં આદિવાસીના વિકાસ યાત્રા –ડૉ . અરૂણ વાઘેલા ,પાર્શ્વ પબ્લિકેશન
4. આઝાદીના જંગમો આદિવાસી રંગ –ડૉ .અરૂણ વાઘેલા ,અક્ષર પબ્લિકેશન
5. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ , પરીખ રસીકલાલ ,શાસ્ત્રી હરિપ્રસાદ
6. ગુજરાતની લોકસાંસ્કૃતિક વિરાસત –લેખક – જોરાવરસિંહ જાદવ ,વર્ષ ૨૦૧૦ ,સરકારી ફોટો લિયો પ્રેસ ,અમદાવાદ

**ડૉ. મનહરભાઈ ચરપોટ**